# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


## પરિપત્ર ક્રમાંક : ૧૧૩/૨૦૧૭

**વિષય : કામચલાઉ પત્રવ્યવહાર કરવાની મંજૂરી અંગે.**

આથી આ યુનિવર્સિટી સંલગ્ન (સરકારી અથવા સરકાર ધ્વારા સંચાલિત ગ્રાન્ટેબલ,ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ સિવાયની) તમામ સેલ્ફ ફાયનાન્સ કોલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/ટ્રસ્ટીશ્રી/સંચાલકશ્રીઓને જણાવવાનું કે,આપના ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં નિયમાનુસાર આચાર્યની જગ્યા ભરાયેલ હોવી અનિવાર્ય છે. તેમ છતાં ઘણા કિસ્સાઓમાં યુનિવર્સિટી સાથેના જોડાણની શરતો અને યુનિવર્સિટી,યુ.જી.સી.,એપેક્ષ બોડી,રાજય સરકારશ્રીના નિયમાનુસાર આચાર્યની જગ્યાઓ ભરાયેલ ન હોવાની પરિસ્થિતિ માલુમ પડેલ છે. જે યોગ્ય ગણી શકાય નહી.

અપવાદરૂપ અને ખાસકારણોના સંજોગોમાં આચાર્યની જગ્યાઓ ભરાયેલ ન હોવાના કિસ્સામાં આ યુનિવર્સિટીના ઓર્ડીનાન્સ–૧૪૮ ની કંડીકા–૧૩(૨૦),અનુસાર કાર્યકારી આચાર્યનો હવાલો સોંપવાની મંજૂરી મેળવવી અનિવાર્ય છે. મંજૂરી ન મેળવવાના કિસ્સા ઉપસ્થિત થનાર વહીવટી પ્રશ્નોની જવાબદારી જે તે સંચાલક મંડળ/કોલેજની રહેશે.

કાર્યકારી આચાર્યની મંજુરી શૈક્ષણિક સત્રની શરૂઆતમાં મેળવવાની રહે છે. કોલેજના અધ્યાપકોની કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવવા ઓર્ડિનાન્સ–૧૪૮,૧૩,(૨૦) અનુસાર,તેમજ યુનિવર્સિટીની માન્યતા મેળવેલ અધ્યાપક/વ્યાખ્યાતાને કાર્યકારી આચાર્યની મંજૂરી આપી શકાશે તે સિવાયની મળેલ દરખાસ્ત પર મંજૂરી આપી શકાશે નહી. જેની તમામ સંબધિતશ્રીઓએ નોંધ લેવા તેમજ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ માં જરૂરીયાતની કોલેજોએ **કાર્યકારી આચાર્યની મંજૂરીની દરખાસ્ત તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીમાં અચુક મોકલી** પ્રથમ સત્રના અંત સુધીમાં કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવી લેવાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

**પ્રથમ સત્ર પૂર્ણ થયા બાદ કાર્યકારી આચાર્યની મંજૂરીની દરખાસ્ત કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.**

**વધુમાં જણાવવાનું કે,આ યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટેબલ અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં કાયમી આચાર્યની નિમણૂંક થયેલ હોય અને યુનિવર્સિટીની કાયમી માન્યતા મળેલ હોય તેવી કોલેજોને આ પરીપત્ર લાગુ પડશે નહી. જેની નોંધ લેશો.**

સહી/–
કા.કુલસચિવ

નં.એકે/માન્યતા/કા.આચાર્ય/૩૪૩૦/૨૦૧૭
તારીખ : ૨૪/૦૫/૨૦૧૭

**પ્રતિ,**

૧. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/ટ્રસ્ટીશ્રી/સંચાલકશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા વિનંતી સહ,
૨. કુલપતિશ્રી,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૩. નાયબ કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. જોડાણ અને પ્રવેશ પ્રશાખા,એકેડેમિક વિભાગ, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૫. પરીક્ષા નિયામકશ્રી,મુખ્ય હિસાબી અધિકારીશ્રી,શા.શિ.નિયામકશ્રી,ગ્રંથપાલશ્રી તરફ જાણ સારૂ.
૬. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)**